# મહારાષ્ટ્ર-હરિયાણામાં ચૂંટણી કાર્યક્રમની આગામી સપ્તાહમાં જાહેરાત

નવીદિલ્હી, તા. ૨૪

મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની આગામી સપ્તાહમાં જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચૂંટણી પંચે બંને રાજ્યોમાં કાર્યક્રમની જાહેરાત કરવા માટે કમરકસી લીધી છે. આગામી સપ્તાહમાં કોઇપણ સમયે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરાશે. ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચૂંટણી માટેની તારીખ જાહેર કરી નથી પરંતુ ભાજપ, કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો ચૂંટણી તૈયારીમાં લાગી ગયા છે. કારણ કે કોઇપણ સમયે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવશે. હરિયાણામાં વિધાનસભાની અવધિ અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની અવધિ ક્રમશઃ ૨૭મી ઓક્ટોબર અને ૮મી નવેમ્બરના દિવસે પુરી થઇ રહી છે. આવી જ રીતે ઝારખંડ અને જમ્મુ કાશ્મીર વિધાનસભાની અવધિ પણ ક્રમશઃ ત્રીજી જાન્યુઆરી અને ૧૯મી જાન્યુઆરીના દિવસે પુરી થઇ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગણેશ ચતુર્થી, દશેરા, દિવાળી જેવા તહેવારોને ધ્યાનમાં લઇને કેન્દ્રીય દળોની ગોઠવણી અંગે નિર્ણય લેવામાં આવશે.



મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટમીની તારીખ હવે કોઇપણ સમયે જાહેર કરાશે.

જમ્મુ કાશ્મીરમાં શિયાળાની શરૂઆત, ચૂંટણી કર્મચારીઓની તૈનાતી અને અન્ય પાસાઓને ધ્યાનમાં લેવામાં આવશે. આવી જ રીતે ઝારખંડના નક્સલવાદીગ્રસ્ત વિસ્તારમાં સુરક્ષા દળોની તૈનાતીનો મુદ્દો મહત્વપૂર્ણ છે. સપ્ટેમ્બરમાં વરસાદ પણ થાય છે. જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટમી યોજવા માટે આ બે પરિબળ મહત્વપૂર્ણ છે. ચૂંટણી પંચે પહેલાથી જ જ્યાં ચૂંટણી યોજાનાર છે તે રાજ્યોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. મહારાષ્ટ્ર, ઝારખંડ અને હરિયાણામાં ભાજપના દેખાવ ઉપર તમામની નજર રહેશે. કારણ કે ભાજપ અને તેના સાથી પક્ષોએ હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટાભાગની બેઠકો જીતી લીધી હતી. હરિયાણા અને મહારાષ્ટ્રમાં હાલ કોંગ્રેસનું શાસન છે જ્યારે ઝારખંડમાં લઘુમતિ ઝારખંડ મુક્તિ મોરચાની સરકાર છે જેને કોંગ્રેસનો ટેકો છે.

# બિહારમાં ૧૦ સહિતની ૧૮ સીટના આજે પરિણામ જાહેર

નવીદિલ્હી,તા. ૨૪

બિહાર, કર્ણાટક, મધ્યપ્રદેશ અને પંજાબમાં પેટાચૂંટણી માટે મતદાન યોજાયા બાદ હવે આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવશે. કુલ ૧૮ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. જો કે, તમામ લોકોની નજર બિહારમાં યોજાયેલી ૧૦ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ ઉપર રહેશે. કારણ કે, ભાજપને પછડાટ આપવા માટે હાલમાં જ લાલૂ પ્રસાદ યાદવ અને નીતિશકુમારે હાથ મિલાવ્યા છે. આ બંને વર્ષોથી એક બીજાના કટ્ટર હરીફ તરીકે રહ્યા હતા પરંતુ હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં લાલૂ યાદવની આરજેડી અને નીતિશકુમારની જેડીયુનો સંપૂર્ણ સફાયો થયા બાદ મોદી લહેરને રોકવા માટે લાલૂ અને નીતિશ ગઠબંધન કરીને પેટાચૂંટણીમાં ઉતર્યા હતા. ઓછું મતદાન થયા બાદ કોની તરફેણમાં ચુકાદા જશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ છે. મતગણતરીને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ચાર રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણી ઉપર તમામની નજર કેન્દ્રિત હતી. બિહારમાં ૧૦, કર્ણાટકમાં ત્રણ, મધ્યપ્રદેશમાં ત્રણ અને પંજાબમાં બે બેઠકો માટે પેટાચૂંટણી યોજાઈ હતી. જેના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. બિહારમાં કુલ ૯૪ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે.

બિહારમાં જે બેઠકોની પેટાચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે તેમાં નરકટિયાગંજ, રાજનગર, છપરા, હાજીપુર, મોહિઉદ્દીન, પરબત્તા, ભાગલપુર, બાંકા, મોહનિયાનો સમાવેશ થાય છે. આ ચૂંટણીને લઈને સમગ્ર બિહાર અને ખાસ કરીને ઉત્તર બિહારમાં રાજકીય ગરમી વધી ગઈ હતી. છેલ્લા કેટલાક દિવસથી તમામ રાજકીય પક્ષો આ મતવિસ્તારોમાં રહેતા મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત કરવામાં આવી હતી.

**સતત બીજા દિવસે ગોળીબાર કરી પાકિસ્તાનનો પડકાર**

# બીએસએફ ચોકી-ગામો પર પાક સૈનિકોનો ભીષણ ગોળીબાર જારી

નવીદિલ્હી, તા. ૨૪

પાકિસ્તાની સૈનિકોએ આજે સતત બીજા દિવસે જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક અરનિયા વિસ્તાર અને આરએસપુરામાં બીએસએફની ચોકીઓ અને ગામોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર જારી રાખ્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, પાકિસ્તાની સૈનિકોએ આરએસપુરા અને અરનિયામાં તમામ સરહદી ચોકીઓને ટાર્ગેટ બનાવીને નાની રેન્જ ધરાવતા હથિયારોનો ઉપયોગ કરીને ગોળીબાર કર્યો હતો. આ વિસ્તારમાં સરહદ નજીક આવેલા ગામોમાં પણ ગોળીબાર કર્યો હતો. શનિવારે રાત્રે ૧૦ વાગે પાકિસ્તાને ગોળીબાર શરૂ કર્યા બાદ રાત દરમિયાન ગોળીબાર જારી રહ્યો હતો. આજે સવાર સુધી ગોળીબાર જારી રહ્યો હતો. આરએસપુરમાં બીએસએફની ૧૨ અને અરનિયા સેક્ટરમાં ૧૦ ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. લાંબી રેન્જના હથિયારોનો ઉપયોગ પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવી રહ્યો છે જેથી ઘણા ગામોમાં રહેતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જમ્મુના ડિવિઝનલ કમિશનર શાંત માનુએ કહ્યું છે કે, સરકારે યોજના તૈયાર કરી લીધી છે. લોકોને રાહત આપવાની તૈયારી છે. છેલ્લા ૧૩ દિવસના ગાળામાં જ પાકિસ્તાની સૈનિકોએ ૧૫



વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શનિવારે સવારે પણ પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો.

ભારતીય ચોકીઓ અને અન્યત્ર કરવામાં આવેલા ગોળીબારમાં ૧૦ વર્ષીય એક બાળક અને તેના પિતાનું મોત થયું હતું જેથી હજારો લોકોને સરકારી ઇમારતોમાં આશરો લેવાની જરૂર પડી છે. પાકિસ્તાની સૈનિકો દ્વારા સતત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે, પાકિસ્તાનના જવાનોએ યુદ્ધવિરામ સમજૂતિનો ભંગ કરીને ઉશ્કેરણીજનક કૃત્ય કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ભારત ૧૫૧૦૬ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે જે પૈકી પાકિસ્તાન સાથે ૩૩૨૩ કિલોમીટર લાંબી સરહદ ધરાવે છે જે કુલ પૈકી ૨૨ ટકાની આસપાસ છે. દરમિયાન એક વૃદ્ધ મહિલાનું એટેકથી મોતના અહેવાલથી આસપાસના ગામોમાં રહેતા લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી.




આજે મુર્શિદાબાદના જોગીપુરમાં મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ કેમ્પસનું રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ રક્ષા અને નાણાંમંત્રી અરૂણ જેટલી સાથે મળીને ઉદ્‌ઘાટન કર્યું હતું.

## કુપવારા જિલ્લામાં ભીષણ અથડામણમાં ચાર આતંકવાદી ઠાર મરાયા

શ્રીનગર,તા. ૨૪

જમ્મુ કાશ્મીરના કુપવારા જિલ્લામાં અંકુશ રેખા નજીક ભીષણ અથડામણમાં ચાર ખૂંખાર આતંકવાદીઓ ઠાર થયા છે. તેમની પાસેથી મોટી માત્રામાં હથિયારો પણ મળી આવ્યા છે. આ બનાવ અંકુશ રેખા નજીક બન્યા બાદ સુરક્ષા દળોએ વધુ તપાસ હાથ ધરી હતી. સેનાના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે, ઠાર થયેલા આતંકવાદીઓના સંદર્ભમાં વધુ માહિતી મળી શકી નથી. કુપવારા જિલ્લાના કાલારોસ વિસ્તારમાં આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઓપરેશનમાં સેનાના એક જવાન નાયક નિરજકુમારને ઈજા થઈ હતી. આને મોડેથી શ્રીનગરમાં ૯૨ બેઝ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં નાયક નિરજકુમારનું મોત થયું હતું.

પ્રવક્તાએ કહ્યું હતું કે, આતંકવાદી સંગઠન અથવા તો આતંકવાદીઓની ઓળખ થઈ શકી નથી. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા ઘુસણખોરીના પ્રયાસો હજુ પણ કરવામાં આવી રહ્યા છે. ઘુસણખોરીના પ્રયાસમાં આ આતંકવાદીઓ અંકુશરેખા નજીક ઠાર થયા હતા. આતંકવાદીઓ સરહદ પાર હજુ પણ ટ્રેનિંગ લઈ રહ્યા છે અને તક મળતાની સાથે ઘુસણખોરીની ફિરાકમાં દેખાઈ રહ્યા છે.

# કોલ બ્લોક ફાળવણી મામલે આજે ચુકાદો જાહેર થઇ શકે

નવીદિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે આવતીકાલે કોલસા બ્લોકની ફાળવણી અંગે ચુકાદો જાહેર કરવાનો નિર્ણય કર્યો છે જેથી રાજકીય વર્તુળોમાં પણ આને લઇને ભારે ચર્ચા છે. અગાઉની યુપીએ સરકારના શાસન દરમિયાન કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ ઉપર સુપ્રીમ કોર્ટ તેનો ચુકાદો જાહેર કરનાર છે. ચીફ જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં બેંચ દ્વારા યોગ્ય માર્ગદર્શિકાને પાળ્યા વગર ૧૯૪ કોલસા બ્લોકની ફાળવણીમાં ગેરરીતિના આક્ષેપોમાં ચકાસણી કરી ચુકી છે. કોલસા બ્લોકની ફાળવણી ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, મધ્યપ્રદેશમાં ખાનગી કંપનીઓ અને પાર્ટીને વર્ષ ૨૦૦૪ અને માર્ચ ૨૦૧૧ વચ્ચે કરવામાં આવ્યું હતું. જસ્ટિસ એમબી લાકુર અને કુરિયન જોસેફની બનેલી બેંચે આ કૌભાંડમાં સીબીઆઇ તપાસ ઉપર નજર રાખી હતી. ખાસ અદાલતની રચના પણ કેસોના પ્રોસીક્યુશનના સંદર્ભમાં કરવામાં આવી હતી.

આ હાઈપ્રોફાઇલ કૌભાંડમાં અનેક રાજકારણીઓ અને ટોચના બિઝનેસમેનના નામ સપાટી ઉપર આવ્યા હતા. ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે સુપ્રીમ કોર્ટે વકીલ એમએલ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર પ્રથમ નોટિસ જારી કરી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કોલસા બ્લોકની ફાળવણી માટે કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવેલી માર્ગદર્શિકાની વિગતો માંગી હતી સાથે સાથે આના માટે અપનાવવામાં આવેલી પ્રક્રિયાની પણ ચકાસણી કરી હતી. આમા કોઇ ગેરરીતિ રહી હતી કે કેમ તેમાં પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. મોટાપાયે કોલસા બ્લોકની ફાળવણીને લઇને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. આશરે ૧૯૪ કોલસા બ્લોકની ફાળવણીમાં વ્યાપક ગેરરીતિઓ થઇ હોવાની બાબત સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો હતો. અગાઉની મનમોહનસિંહ સરકાર આ કૌભાંડના કારણે મુશ્કેલીમાં મુકાઈ હતી.

# યુએસ ઓપન આજથી શરૂ

ન્યુયોર્ક,તા. ૨૪

ન્યુયોર્કમાં ફ્લુસીગ મેડોઝ ખાતે આવતીકાલથી વર્ષની છેલ્લી ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપની શરૂઆત થઈ રહી છે. આ વખતે સ્પેનીશ સ્ટાર અને વર્તમાન ચેમ્પિયન રાફેલ નડાલ ઈજાગ્રસ્ત હોવાથી આ ચેમ્પિયનશીપમાં રમનાર નથી જેથી ટેનિસ ચાહકો નિરાશ છે પરંતુ નોવાક જોકોવીક અને રોજર ફેડરર નવા ઈતિહાસ સર્જવા માટે તૈયાર છે. એકબાજુ ફેડરર તેની ટેનિસ કેરિયરની ૧૮મી ગ્રાન્ડ સ્લેમ જીતવા માટે ઉત્સુક છે. જ્યારે બીજી બાજુ સર્બિયન સ્ટાર નોવાક જોકોવિક આ વર્ષમાં બીજી ગ્રાન્ડ સ્લેમ જીતવા માટે તૈયાર છે. મહિલાઓના વર્ગમાં અમેરિકી સ્ટાર સેરેના વિલિયમ્સ ઘરઆંગણે ફેવરીટ દેખાઈ રહી છે. શારાપોવા અને અન્ય ઉભરતી સ્ટાર પડકાર ફેંકવા અને કિલર બનવા માટે તૈયાર છે. આ વર્ષે અગાઉની ત્રણેય ગ્રાન્ડ સ્લેમમાં આ વખતે જુદા જુદા વ્યક્તિગત ખેલાડી ચેમ્પિયન બન્યા છે. જેથી કોણ ચેમ્પિયન બનસે તે અંગે કોઈ આગાહી કરી શકાય નથી. વર્તમાન ચેમ્પિયન નડાલ ઈજાગ્રસ્ત હોવાથી રમનાર નથી જેથી આ વખતે અમેરિકી ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં પણ કોઈ નવો ચેમ્પિયન બને તેવી શક્યતા દેખાઈ રહી છે. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં સ્ટેન વાવરિન્કા જોરદાર રીતે ઉભરી આવ્યો હતો. જ્યારે હમેંશની જેમ પેરિસમાં રોલેન્ડ ગેરોસ ખાતે રાફેલ નડાલ ચેમ્પિયન બન્યો હતો. જ્યારે છેલ્લે વિમ્બલ્ડન ચેમ્પિયનશીપમાં નોવાક જોકોવિક વિજેતા બન્યો હતો. આ વખતે યુએસ ઓપનમાં કોઈ નવો ચેમ્પિયન બનશે. જોકોવિક પ્રથમ ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરનાર છે. જ્યારે રોજર ફેડરર નંબર બે, વાવરિન્કા નંબર ત્રણ, અને ડેવિડ ફેરર નંબર ચાર ખેલાડી તરીકે મેદાનમાં ઉતરશે. જોકોવિક અને ફેડરર છેલ્લા કેટલાક વર્ષોથી હરિફ ખેલાડી તરીકે રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં રોજર ફેડરરે શાનદાર વાપસી કરી હતી અને તે વિમ્બલ્ડન ફાઇનલમાં પહોંચ્યો હતો. જો કે હાલમાં તે શિનસિનાટી માસ્ટર્સમાં ચેમ્પિયન બન્યો હતો. તે રોજર્સ કપની ફાઇનલમાં પણ પહોચ્યો હતો. જો કે સોંન્ગા સામે હારી ગયો હતો. રોજર ફેડરર હજુ સુધી ૧૭ ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનસીપ જીતી ચુક્યો છે. નોવાક આ વર્ષે બીજી ગ્રાન્ડ સ્લેમ જીતવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. એન્ડી મરેને વિશ્વાસ ફરી મેળવી લેવા માટે કેટલીક જીતની જરૂર છે. ગયા વર્ષે સર્જરી કરાવી લીધા બાદ તે હવે રિકવરી કરી ચુક્યો છે. અલબત્ત એન્ડી મરે આ વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસના સેમીફાઇનલમાં પહોંચ્યો હતો. પરંતુ તેના આત્મવિશ્વાસમાં વધારો દેખાઇ રહ્યો નથી.

# કિક બાદ નરગીસને ઘણી ઓફરો

મુંબઇ,તા. ૨૪

કિક ફિલ્મ મારફતે ફરી એકવાર પોતાની સ્થિતિને મજબૂત કરનાર ખુબસુરત અભિનેત્રી નરગીસનું કહેવું છે કે, તે માત્ર આઈટમ સોંગ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરી રહી નથી બલ્કે મુખ્ય ભૂમિકાઓ પણ અદા કરી રહી છે. કિક ફિલ્મમાં તેના આઈટમ સોંગે ભારે ચર્ચા જગાવી છે. સૌથી પહેલા આ આઈટમ સોંગની ઓફર દિપીકાને કરવામાં આવી હતી પરંતુ દિપીકાએ ઈન્કાર કરતા નરગીસે આ તક ઝડપી લીધી હતી. નરગીસને આ આઈટમ સોંગ કરવાનો



સીધો ફાયદો થયો છે અને તેને વધુ ચાહકો સુધી પહોંચવાની તક મળી ગઈ છે. નરગીસનું કહેવું છે કે, તે હિન્દી ભાષા ઉપર પણ ધ્યાન આપી રહી છે. પહેલા તેને હિન્દી ભાષાને લઈને તકલીફ પડી રહી હતી. અભિનેત્રી તરીકે તે પોતાને સ્થાપિત કરવાના પ્રયાસમાં લાગેલી છે. મદ્રાસ કાફે ફિલ્મમાં નરગીસે અંગ્રેજી પત્રકાર તરીકેની ભૂમિકા ભજવી હતી. મદ્રાસ કાફેની સફળતા બાદ નરગીસ તરફ ધ્યાન ખેંચાયું હતું. તેની સફળતા બાદ છેલ્લે હવે કિક ફિલ્મ મળી ગઈ હતી. જેનાથી તેને મોટી સફળતા મળી છે. કૈટરીના કૈફની જેમ જ તે પણ હિન્દી ભાષા ઉપર પકડ ન હોવા છતાં સફળતાની દિશામાં વધી રહી છે. નરગીસ હવે હિન્દી ભાષા ઉપર પકડ મેળવવાની દિશામાં વધી રહી છે. હિન્દી ભાષા પણ સારીરીતે બોલવા લાગી છે. ડેવિડ ધવનની ફિલ્મ મે તેરા હિરો મારફતે તે મસાલા ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મમાં ટિકાકારોએ તેની નોંધ લીધી ન હતી પરંતુ તેને સફળતા મળી રહી છે. મસાલા ફિલ્મો ઉપર હાલ તે વિશેષ ધ્યાન આપી રહી છે. દક્ષિણ ભારતની ફિલ્મોમાં પણ તેને આઈટમ સોંગ ઉપરાંત મોટી ભૂમિકાઓ કરવાની તક મળી રહી છે. જાહેરાતની દુનિયામાં પણ તેની નોંધ લેવાઈ છે. હાલ તે છથી વધુ જાહેરાતોમાં એક સાથે કામ કરી રહી છે.

## શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

લેખિકા પરિઓનાં પગલે પગલે બાળકોને પરીઓનાં દેશમાં લઇ જાય છે. પણ કોઇનું ભલું ન થાય તો કાંઇ નહીં પરંતુ ક્યારેક કોઇનું બુરૂં વિચારશો કે કરશો નહીં' એવો મેસેજ પણ આપી દે છે. સસલાની તંગડી હોય કે ગ્રેટ ટેટૂવાલા તેમાં આજના કાર્ટૂન કેરેક્ટરોથી પ્રભાવીત અને વીડિયો ગેમોથી ગ્રસ્ત બાલકો માટે કંઇક નવીનતા પીરસવાનો પ્રયાસ થયો છે. છતાં છેવટના લેખિકાએ ગલબા ધોબીના મુખે એવું તો કહેવડાવ્યું જ છે કે -

દેખાદેખી કરવી નહી
અકક્લને વાપરવી ભઇ

તો પછી 'મળ્યું તેને માણો' અને 'ચતુર કાગડાઓએ વાંદરાઓને નમાવ્યા' તેમાં રહેલ પરપીડન વૃત્તિની વાતને બાળક સહજ રીતે સમજી શકે તે રીતે મુકી આપી છે. 'ગાતા અને કતરાતા બે ભૈયાજી, કોયલની નમ્ર રજૂઆત, સારપ, મોટાઇનો ગાંઠીયો ચણા મમરાનો જંગ, બાળકોને વાંચવી ગમે તેવી નાનકડી વાર્તાઓ છે. અઢાર એક વાંકાવાળી કવિતા વડીલોને હજુ યાદ હશે તો અહીં ગિરાબહેન 'મિસ વર્લ્ડ વક્રી ઉંદડી' લઇને આવ્યાં છે અને વાદળી સાત વારની સમજૂતી આપે છે. જૂના ગધેડા અને શિયાળની વાર્તા ખુબ જ જાણીતા હતી. પણ અહીં તેનાથી ઉલ્ટું અક્કલમંદ ગુલ્લીચંદ ગધેડા અને ઉંદરની વાત લેખિકા એ કરી છે. સ્વાસ્થ્યનો સંદેશ આપતી વાર્તા કુબેરદાદા હોય કે 'સસલાભાઇની શાળા', 'મનમોજી - માંડલ માંકડુ', 'ભલ્લુ ભણ્યો પાઠ', 'હાથીએ બનાવ્યો હલવો', 'મંથરા મેડમની માયાજાળ' 'છલ્લો મલ્લો' અને 'રંગ રંગ રંગટોળી' પણ મહત્ત્વપૂર્ણ વાર્તાઓ છે. જ્ઞાન સાથે ગમ્મત કરાવનારી બાળકોને અને કિશોરો માટેની આ મોજ કથાઓ આપવા બદલ ગિરાબહેનને અભિનંદન પાઠવું છુ અને આ મજાની મોજકતાઓને આવકારું છું.

**ફ્રાઉં... ફ્રાઉં... દાબેલી પાઉં.**
**લેખિકા - ગિરા પિનાકીન ભટ્ટ**
**પ્રકાશક - હર્ષ પ્રકાશન, અમદાવાદ**
**વિતરક - ગૂર્જર સાહિત્ય ભવન**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪, કિંમત - રૂા. ૭૦/-**

# આતંકવાદી દ્વારા સંપર્ક માટે નેટવર્કિંગ સાઈટોનો ઉપયોગ

નવીદિલ્હી,તા. ૨૪

ભારતમાં અનેક આતંકવાદી હુમલાને અંજામ આપનાર ઈન્ડિયન મુઝાહિદ્દીનના આતંકવાદીઓ એક બીજા સાથે વાતચીત કરવા માટે હાલમાં ફેસબુક અને અન્ય ઈમેઈલ સેવાઓનો ઉપયોગ કરી રહ્યા છે. સોશિયલ નેટવર્કિંગ સાઈટોનો ઉપયોગ ત્રાસવાદીઓ દ્વારા વધુ કરવામાં આવી રહ્યો છે. તેમની આતંકવાદી યોજનાને અમલી બનાવવા તેના સહસ્થાપક રિયાઝ ભટકલ સાથે અન્યોની વાતચીતના પ્રયાસ થઈ રહ્યા છે. દિલ્હી પોલીસે કોર્ટમાં માહિતી આપતા કહ્યું છે કે, આરોપી લોકો અનેક આઈડી, યાહૂ આઈડી, પાલટોકઆઈડી, જીમેઈલ આઈડી, ફેસબુક આઈડી અંગે માહિતી આપી ચુક્યા છે. છેલ્લા થોડાક મહિનાઓમાં ત્રાસવાદીઓ શખ્સો દ્વારા આ તમામ આઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની માહિતી ઝડપાયેલા શખ્સો પાસેથી પ્રાપ્ત થઈ છે. ગેરકાયદે શસ્ત્ર ફેકટરી સ્થાપિત કરવા સાથે સંબંધિત કેસના સંબંધમાં ઈન્ડિયન મુઝાહિદ્દીનના છ શકમંદો સામે પુરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી ચુકી છે જેમાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દાવો કર્યો છે કે, આરોપી શખ્સો દ્વારા એવા ઈમેઈલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો જેનાથી ફરાર થયેલા ભટકલ સાથે સંપર્ક થઈ રહ્યો હતો. પોલીસે એમ પણ કહ્યું છે કે, આ આરોપી શખ્સો વારંવાર પ્રોક્સી આઈપીનો ઉપયોગ કરી રહ્યા હતા.

# પીએફ થાપણ પર વ્યાજદર અંગે મંગળવારે ઘોષણા

નવી દિલ્હી,તા. ૨૪

રીટાયરમેન્ટ ફંડ બોડી ઇપીએફઓ વર્ષ ૨૦૧૪-૧૫ માટે પીફ થાપણ પર વ્યાજદર અંગેની જાહેરાત મંગળવારે કરે તેવી શક્યતા છે. પાંચ કરોડથી વદારે ધારકોની નજર બેઠક પર કેન્દ્રિત થઇ ગઇ છે. તેની ટ્રસ્ટીની બેઠક ૨૬મી ઓગષ્ટના દિવસે યોજાનાર છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી)ની આગામી બેઠકના એજન્ડાન આખરી ઓપ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. આ બેઠકમાં વિવિધ મુદ્દા પર ચર્ચા કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે એમ્પ્લોઇમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ માટે પીએફ થાપણ પર ૮.૭૫ ટકા વ્યાજદરની ચુકવણી કરવામાં આવી હતી. જે અગાઉના નાણાંકીય વર્ષ માટે ચુકવવામાં આવેલા ૮.૫૦ ટકા વ્યાજદર કરતા વધારે છે. સુત્રોના જણાવ્યા મુજબ ઇપીએફઓની એડવાઇઝરી બોડી ફાયનાન્સ, ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઓડિટની બેઠક સોમવારે મળશે અને વર્તમાન નાણાંકીય વર્ષ માટે ધારકોને ચુકવવામાં આવનાર વ્યાજદરને આખરી ઓપ આપવામાં આવશે.પ્રથા મુજબ સીબીટી એફઆઇએસીની ભલામણના આધાર પર નાણાંકીય વર્ષ માટે પીએફ થાપણો પર વ્યાજદર અંગે નિર્ણય કરે છે. સીબીટીના નિર્ણયને મોડેથી નાણાં મંત્રાલયની મંજૂરીની જરૂરલ પડે છે. સીબીટીનુ નેતૃતવ કેન્દ્રિય શ્રમ પ્રધાન કરે છે. તેના બોર્ડમાં રહેલા સભ્યોમાં શ્રમ રાજ્ય પ્રધાન, લેબર સેક્રેટરી, યુનિયનો, કર્મચારીઓના પ્રતિનિધીઓ અને અન્ય અધિકારીઓનો સમાવેશ થાય છે. વ્યાજદર ઉપરાંત ટ્રસ્ટીની બેઠકમાં તેના ફંડ મેનેજરો, કસ્ટોડિયન અને ઓડિટરોની પસંદગી માટે સલાહકારની નિમણૂંક સહિત અન્ય મુદ્દા પર પણ વિચારણા કરવામાં આવનાર છે. સીબીટી ક્રિસિલને કન્સલ્ટન્ટ તરીકે જાળવી રાખે તેવી શક્યતા છે. સીબીટી પાવર અને એનટીપીસી જેવા જાહેર ક્ષેત્રના એકમોની સાથે લાંબા ગાળાના ફંડિંગના મામલે પણ ચર્ચા કરવામાં આવનાર છે. સીબીટી અન્ય અનેક મુદ્દા પણ ધરાવે છે.